# ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર સિંહણનું અકસ્માતમાં મોત

## હેમાળ ગામ નજીક અજાણ્યા વાહન અડફેટે ગંભીર ઈજા થતાં મૃત્યુ નીપજ્યું

અમરેલી:અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના હેમાળ ગામ નજીક ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર મોડી રાત્રે એક સિંહણનું અજાણ્યા વાહન અડફેટે મોત થયું છે. રોડ ક્રોસ કરતી વખતે વાહનની ટક્કરથી સિંહણને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેના કારણે તેણે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. વનવિભાગ દ્વારા મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે.

ઘટનાની જાણ થતાં જ જાફરાબાદ રેન્જ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. આરએફઓ, ફોરેસ્ટ ગાર્ડ અને ટ્રેકર્સ સહિતની ટીમોએ તપાસ શરૂ કરી છે. વનવિભાગે અજાણ્યા વાહનચાલકને શોધવા માટે કવાયત હાથ ધરી છે અને હાઈવે પરના તેમજ હોટલના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે.

રાજુલા-જાફરાબાદ પંથકમાંથી પસાર થતો ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે સિંહો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. અગાઉ પણ આ વિસ્તારમાં સિંહબાળ સહિત અનેક વન્યપ્રાણીઓના અકસ્માતમાં મોત થયા છે. ટીંબી, છેલણા, હેમાળ, દુધાળા, નાગેશ્રી, કાગવદર, ચારનાળા, હિંડોરણા અને કડિયાળી જેવા હાઈવે નજીકના ગામડાઓમાંથી સિંહોના રોડ ક્રોસ



કરવાના બનાવો રોજિંદા બનતા રહે છે, જેના કારણે સિંહોની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે.

સિંહપ્રેમી વિપુલભાઈ લહેરીએ આ ઘટનાને દુઃખદ ગણાવી હતી. તેમણે જણાવ્યું કે, વનવિભાગે અકસ્માત કરનાર વાહનચાલકને ઝડપથી શોધીને કાર્યવાહી કરવી જોઈએ. તેમણે નેશનલ હાઈવે પર વધતી અવરજવરને ધ્યાનમાં રાખીને વનવિભાગ સિંહોને સુરક્ષિત રીતે રોડ ક્રોસ કરાવે અને પેટ્રોલિંગ વધારે તેવી માંગણી પણ કરી હતી.

### ધારી લાયબ્રેરી પાસે ત્રણ સિંહણ કેમેરામાં કેદ

ધારી લાયબ્રેરી વિસ્તારમાં વહેલી સવારે ત્રણ સિંહણ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ ઘટના સવારે ૪ વાગ્યાની આસપાસ બની હતી.વાયરલ થયેલા વીડિયોમાં ત્રણેય સિંહણ એક ગાયનો શિકાર કરતી જોવા મળે છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ધારી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોનો મોટો સમુહ વસવાટ કરે છે.

### વામાંથી બચાવેલા બાળસિંહનું માતા સાથે મિલન

ધારી તાલુકાના રામપરા ગામે કૂવામાં પડી ગયેલા બાળસિંહનું ત્રણ દિવસની જહેમત બાદ વન વિભાગ દ્વારા તેની માતા સાથે મિલન કરાવવામાં આવ્યું છે.

આ ઘટના રામપરા ગામમાં સરસીયા રેન્જની રાઉન્ડ છતડીયા બીટ વિસ્તારમાં બની હતી. દિનેશભાઈ સખરેલીયાની વાડીના કૂવામાં એક માદા સિંહ બાળ અકસ્માતે પડી ગયું હતું.

વન વિભાગને જાણ થતાં જ રેસ્ક્યુ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી સિંહ બાળને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢ્યું હતું.


બચ્ચાને બહાર કાઢ્યા બાદ વન વિભાગે તેની માતાને શોધવા માટે સતત ત્રણ દિવસ સુધી સઘન પ્રયાસો કર્યા હતા. આખરે, વન વિભાગની ટીમને સફળતા મળી અને સિંહ બાળનું તેની માતા સાથે મિલન શક્ય બન્યું.

# ગીરગઢડાના નવા ઉગલા ગામે મામાએ દોટ મૂકીને ભાણીને દીપડાના મુખમાંથી બચાવી

## ઘરના ફળિયામાં રમતી બાળકીને દબોચીને દીપડો ભાગ્યો, મામાએ હિંમત કરતાં શિકારી ઊભી પૂંછડીએ ભાગ્યો

કૈલેશ ભટ્ટ ઉના

ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી અને જૂનાગઢ જેવા જિલ્લાઓમાં સિંહ-દીપડાની લટાર અને હુમલાની ઘટનાઓ હવે નવી વાત નથી. દિન-પ્રતિદિન જંગલી પ્રાણીઓ ગામમાં ઘૂસી પશુ-માનવ પરના હુમલા હવે નિયમીત બની ગયા છે. ત્યારે ગીરગઢડા તાલુકાના નવા ઉગલા ગામે ૮ વર્ષની બાળકી પર દીપડાના હુમલાની વધુ એક ઘટના સામે આવી છે. જોકે, બાળકીના મામાની સતર્કતા અને હિંમતના કારણે બાળકીનો જીવ બચી ગયો છે.આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના નવા ઉગલા ગામે દિનેશ ગોવિંદભાઈ પરમારની ૮ વર્ષીય પુત્રી જીજ્ઞાશા પોતાના ઘરના ફળિયામાં રમી રહી હતી ત્યારે અચાનક દીપડો તેને માથાના ભાગેથી પકડીને જડબામાં



જકડીને ભાગી ગયો હતો. જોકે, બાળકીના મામા હિંમતભાઈએ હિંમત કરીને લાકડી લઈને દીપડાનો પીછો કર્યો હતો. બુમાબુમ કરતા દીપડો

બાળકીને છોડીને ભાગી ગયો

પોતાની ભાણીને લઈને ભાગેલા દીપડા પાછળ દોડેલા હિંમતભાઈએ બુમાબુમ કરતા કરતા દીપડો જીજ્ઞાશાને છોડીને જંગલ તરફ ભાગી ગયો હતો. બાદમાં હિંમતભાઇએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હતી અને જીજ્ઞાશાને સારવાર માટે ગીરગઢડા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. બાળકીની સ્થિતિ સુધાર પર સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે ઉનાની સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ ઉનાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

જીજ્ઞાશાને માથાના ભાગે તેમજ ડાબી બાજુ કમરના ભાગે ઈજા પહોંચી છે. જોકે, તેની સ્થિતિ સુધાર પર છે. વન વિભાગે શિકારીને પકડવા પાંજરૂ ગોઠવ્યું આ ઘટનાની જાણ જસાધાર વન વિભાગને થતા ફોરેસ્ટર વીરાભાઈ ચાવડા સહિતનો સ્ટાફ હોસ્પિટલ પહોંચ્યો હતો અને બાળકીની સ્થિતિ જાણી હતી. જે બાદ મોડી રાત્રે નવા ઉગલા ગામ અને આજુબાજુના વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જોકે, દીપડાની કોઈ ભાળ મળી નહોતી. હાલ વન વિભાગે દીપડાનું લોકેશન મેળવવા અને તેને પકડવા માટે પાંજરું ગોઠવ્યું હોવાનું જણાવ્યું છે.

# લીલીયા તાલુકાના દાડમા (પુતળીયા) ગામે પ્રેમલગ્નની અદાવતમાં પિતા-પુત્રી પર હુમલો

અમરેલી

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના દાડમા (પુતળીયા) ગામે પ્રેમલગ્ન બાબતે ચાલી રહેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. પુત્રીના પ્રેમલગ્ન બાદ સમાધાન કરવાનો ઈનકાર કરતા રોષે ભરાયેલા શખ્સોએ પિતા અને પુત્રી પર જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. દયાબેન હરીભાઇ લુવાર (ઉ.વ.૪૨)એ પ્રતાપભાઈ મુળજીભાઈ સારીખડા, રાહુલભાઈ મુળજીભાઈ સારીખડા, મુળજીભાઈ ખીમાભાઈ સારીખડા તથા જસુબેન મુળજીભાઈ સારીખડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની પુત્રી રીનાબેન સાથે આરોપી પ્રતાપભાઈ મુળજીભાઈ સારીખડાએ તેના પિતાની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કર્યા હતા. આ બાબતે આરોપીઓ સતત તેમના પર સમાધાન કરવા માટે દબાણ કરી રહ્યા હતા. જોકે, પિતાએ સમાધાન કરવાની સ્પષ્ટ ના પાડતા આરોપીઓએ તેની દાઝ રાખી હુમલો કર્યો હતો. આરોપીઓએ એકસંપ થઈને ફરિયાદી અને તેમની પુત્રી પર હુમલો કર્યો હતો, લોખંડના પાઈપ વડે તેમના વાંસાના ભાગે ફટકો માર્યો હતો. તેમજ ગળાચીપ દબાવી, પથ્થરના છુટા ઘા મારી અને ઢીકાપાટુનો મુઢમાર મારી ડાબા પગે ઈજા પહોંચાડી હતી. સાહેદ રીનાબેનને પણ ગાલ પર ઝાપટો મારી, નખોરીયા ભરી અને ધક્કો મારી પછાડી દઈ શારીરિક ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. હુમલા દરમિયાન તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. પ્રેમલગ્ન જેવી અંગત બાબતમાં થયેલા આ હિંસક હુમલાથી ગામમાં ચકચાર મચી ગઈ હતી.


# અમરેલીમાં સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં ઠેકઠેકાણે ગંદકીનો માહોલ

## શહેરનાં ક્રીમ વિસ્તાર ગણાતાં ચિતલ રોડનાં રહેણાંક વિસ્તારોમાં ઠેકઠેકાણે ઉકરડા જોવા મળે : શહેરીજનો પણ સતત ગંદકીના માહોલથી ત્રાહિમામ હોય પાલિકાના શાસકો યોગ્ય કરે તેવી માંગ

મિલાપ રૂપારેલ અમરેલી,

અમરેલી શહેરમાંથી ગંદકી દુર કરવા માટે દર મહિને અર્ધા કરોડનાં કરતાં પણ વધારે રકમનો ખર્ચ જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થતો હોવા છતાં પણ શહેરમાંથી ગંદકી દુર થતી નથી. શહેરનાં સૌથી ક્રીમ વિસ્તાવર ગણાતા ચિત્તલ રોડ ઉપરનાં રહેણાંક વિસ્તાથરની જાહેર ગલીઓ અનેક જગ્યાથએ ગંદકીનાં ઢગ ખડકાયા હોય સ્થાલનિક નગરસેવકે પણ નારાજગી વ્યીક્ત કરી છે.

પાલિકાનાં વિપક્ષી નેતા સમીર






કુરેશીએ પણ આ બાબતે ચીફ ઓફિસરને પત્ર પાઠવીને જણાવેલ છે કે, અમરેલી શહેરની સુખાકારી વધારવા સારૂ સંસ્થા દ્વારા જે કચરાવાળા જુનાગઢની એજન્સીને સમગ્ર શહેરમાંથી ડોર ટુ ડોર કચરા કલેકશન, રોડ રસ્તાવ, સફાઈ અને સ્પોકટ કલેકશનની કામગીરી કરવાનું કામ અપાયેલ છે જે કામગીરીમાં આ એજન્સીક દ્વારા મારા વોર્ડમાં કામગીરી ખુબ જ ખરાબ અને અનિયમીત કરેલ છે અને સફાઈની કામગીરી પણ અનિયમીત કરેલ છે. વધુમાં જણાવેલ છેકે, આ એજન્સીફ દ્વારા વિસ્તા રમાં મે લોકો વચ્ચે જઈને સર્વે કરતા તેમજ ફરિયાદો આપતા માલુમ પડેલ છે કે આ એજન્સીએએ માત્ર વિસ્તારમાં ૪૦% જ કામગીરી કરેલ છે અને કામગીરીમાં અત્યંત બેદરકારી દાખવેલી છે. જેથી તેમનું બીલ મારા વિસ્તોરમાં ૪૦% જ ચુકવવું ઉપરોક્ત એજન્સી મારા વિસ્તાર (વોર્ડ નં. ૭)નું ૪૦% ઉપર બીલ ચુકવવામાં આવશે તો મારા વોર્ડ વિસ્તા રના રહીશો તેમજ આગેવાનોના પંચરોજકામ તેમજ સોગંદનામ કરાવી અને કાયદેસરની કાર્યવાહી કરીશું તેમ અંતમાં જણાવેલ છે.

# રાજુલાના દાતરડી ગામ નજીક ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર નવનિર્મિત પુલમાં મોટી તિરાડો પડી






મિલાપ રૂપારેલ અમરેલી

અમરેલી જિલ્લાના દરિયાકાંઠાના રાજુલા તાલુકાના દાતરડી ગામ નજીક પસાર થતાં ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર નવનિર્મિત પુલ ઉપર સતત ટ્રાફિક રહેતો હોય અને દરરોજ હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો પસાર થાય છે. તેવા આ પૂલમાં છેલ્લા દોઢ વર્ષમાં બીજી વખત મોટી તિરાડો પડી ગયાનું જાણવાં મળેલ છે. આ ઘટનાથી બ્રિજની ગુણવત્તા અને વાહન ચાલકોની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા થયા છે. આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અગાઉ પણ આ પુલ પર મોટી તિરાડો પડી જતાં અને લોકોમાં રોષ ભભુકી ઊઠતાં તાત્કાલિક સમારકામ કરવામાં આવ્યું હતું. ત્યારે ફરી એક વખત મોટી તિરાડો પડવાને કારણે આ પુલ ઉપરથી પસાર થતાં વાહનચાલકો માટે જોખમ ઊભું થયું છે.રાજુલા તાલુકાના દાતરડી ગામ નજીક પસાર થતાં ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પરના આ પુલ ઉપરથી ભગવાન સોમનાથ દાદાના દર્શને જતાં ભાવનગર, મહુવા અને સહિતના અનેક સ્થળોએથી દરરોજ હજારોની સંખ્યામાં વાહનોની આ પુલ ઉપરથી પસરાવતા થાય છે. ત્યારે આ નવા બનેલા પુલની આવી હાલત થતાં વાહન ચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે આ મામલે સરકાર દ્વારા તપાસ કરાવવાની માંગ કરી રહ્યા છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, આ માર્ગ ઉપરથી અનેક વાહનો પસાર થતાં હોય છે. પરંતુ અને આ પુલ પર વારંવાર તિરાડો પડે છે. આ કારણે અકસ્માતોના બનાવ પણ વધુ થાય છે. અને વાહનો પલટી મારવાના બનાવો પણ વધુ બને છે, જે નબળા કામની નિશાની તેમણે સરકારને આવા બેદરકારી ભર્યા કામો ન થાય અને લોકોના જીવ જોખમમાં ન મુકાય તે માટે જરૂરી પગલાં ભરવાં માંગ કરતાં હોય છે.

# શેત્રુંજી નદી પાસેથી પસાર થતી નર્મદા નદીની પાણીની મુખ્ય લાઈનમાં છેલ્લા ચાર દિવસથી ભંગાણ





અમરેલી

અમરેલી—સાવરકુંડલા રોડ ઉપર આવેલી શેત્રુંજી નદી પાસેથી પસાર થતી નર્મદા નદીની પાણીની મુખ્ય લાઈનમાં છેલ્લા ચાર દિવસથી ભંગાણ પડ્યું હોવાનું સામે આવ્યું છે. ત્યારે ઈશ્વરીયા જૂથ યોજના હેઠળ આવતી આ પાણીની લાઈન તૂતેલ હાલતમાં હોવા છતાં પણ કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

આ પાણીની પાઈપ લાઈન તૂટી જવાના કારણે શેત્રુંજી નદીનું દૂષિત પાણી પાઈપ લાઈનમાં ઘૂસી જતા અને તે પાણી આસપાસના પાંચ ગામોમાં વિતરણ થતું હોય જેનાં કારણે રોગચાળાનો ગંભીર ખતરો ઊભો થયો છે. હાલમાં લાપાળીયા, મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા સહિતના ગામોમાં ચાર દિવસથી દૂષિત પાણી વિતરણ થતું હોવાની સ્થાનિકોએ ફરિયાદ કરી છે. છતાં પણ જવાબદાર અધિકારીઓ અને મેન્ટેનેન્સ કરતી એજન્સી દ્વારા જરૂરી પગલાં ભરવાં સામે આંખ આડા કાન કરતી હોવાની પ્રતીતિ મળી રહી છે. ચાર દિવસથી અવિરત રીતે પાણી વહેતા રહેવાના કારણે લાખો લીટર કિંમતી પીવાના પાણીનો વેડફાટ થયો છે. સ્થાનિકોનું માનવું છે કે નદી વિસ્તારમાં બેરોકટોક દોડતા રેતીના ડમ્પરોના કારણે પાણીની લાઈન તૂટી હોવાની પ્રબળ શક્યતા છે. આ સમગ્ર મામલે અમરેલી જિલ્લા વહીવટીતંત્ર અને પાણી પુરવઠા વિભાગ તાત્કાલિક કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. જો સમયસર સુધારણા નહીં થાય તો સ્થાનિકોમાં રોષ ફાટી નીકળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# કુંકાવાવમાં ૬૦ વર્ષીય આધેડ અકસ્માતે પડી જતા મોત થયુ

અમરેલી:કુંકાવાવમાં સેન્ટીગ કામ કરતી વખતે મકાન પરથી પટકાતા ૬૦ વર્ષિય આધેડને ગંભીર ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું. આ અંગે મૃતકના દિકરાએ વડીયા પોલીસને જાણ કરી હતી. રમણીકભાઈ લુહારએ વડીયા પોલીસને જણાવ્યું કે તેના પિતા રૂપાભાઈ મુળભાઈ લુહાર ૨૯ ડિસેમ્બરના રોજ સવારે અગીયાર વાગ્યે સેન્ટીગ કામની મજુરી અર્થે ગયા હતા. ત્યારે મકાન પર સેન્ટીગ કામ કરતી વખતે અકસ્માતે પડી ગયા હતા. જેના કારણે તેને ગંભીર ઈજા પહોંચી હતી અને રૂપાભાઈ લુહારનું મોત નિપજ્યું હતું. આધેડના મોતથી પરિવારમાં શોક પ્રસર્યો હતો. આ અંગે વડીયા પોલીસ મથકમાં જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ ડી.ટી.બળસટીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**ધારી તાલુકાના ખીચા ગામેથી સગીરાને યુવક ભગાડી ગયો**

ધારીના ખીચા ગામે રહેતી એક સગીરાને તેમના જ જિલ્લાનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ દાહોદ જિલ્લાના ફતેપુરાના કુંડા ફળીયા ગામે રહેતા અમીતભાઈ રમણભાઈ પારગી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર વયની દીકરીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે કે લગ્ન કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો. ધારી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# બાબરાના સુખપરમાં પવનચક્કીના પાવર હાઉસમાં આગ

અમરેલી

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના સુખપુર ગામ ખાતે ઈનોક્ષ ગ્રીન એનર્જી સર્વિસ લિમિટેડના પાવર હાઉસ ખાતે ૪૪ હજાર લીટર ઓઈલની કેપેસિટી ધરાવતા વીજ ટ્રાન્સફોર્મરમાં કોઈ કારણોસર આગ લાગતા અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. આ બનાવ અંગે આજે વહેલી સવારે ૫ કલાકે અમરેલીના ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ હતી.

આ ઘટનાની જાણ થતા જ અમરેલીના ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ





ઈમરજન્સી સર્વિસ અને બાબરા ફાયર વિભાગની ટીમ ત્રણ વોટર બાઉઝર સાથે તુંરત ઘટના સ્થળ પર પહોંચી આગ પર પાણી અને છહ્લહ્લહ્લ ફોર્મનો મારો ચલાવી પોતાની સૂઝબુજ તથા જીવને જોખમે આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. આસંપૂર્ણ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થયેલ નથી.આ કામગીરીમાં ફાયર સ્ટાફ સાગરભાઈ પુરોહિત, આનંદભાઈ જાની, પ્રવીણભાઈ ચૌહાણ, ભગવતસિંહ ગોહિલ, નિલેશભાઈ સાનિયા, સવજીભાઈ ડાભી, કૃષ્ણ ભાઈ ઓળકિયા, જગદીશભાઈ ભુરીયા, જયદીપભાઈ ઈસોટીયા, કમલેશભાઈ ગિલાતર તથા મિલનભાઈ ગાંભવા સહિતનાં સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# સિંહણનું ટ્રાન્કિવલાઈઝર લાગી ગયા બાદ સારવાર બેઅસરઃ ટ્રેકરનું મોત

જૂનાગઢ, વિસાવદરના નાની મોણપરી ગામમાં માસૂમ બાળકને ફાડી ખાનાર માનવભક્ષી સિંહણને પાંજરે પૂરવા ગયેલી વન વિભાગની ટીમ પર કુદરત રુઠી હોય તેવી ઘટના બની છે. સિંહણને બેભાન કરવા માટે છોડવામાં આવેલું એનેસ્થેસિયાનું ઈન્જેક્શન ભૂલથી વન વિભાગના ટ્રેકરને વાગતા, ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મૃત્યુ થયું છે. ગિરના ઈતિહાસમાં આ પ્રકારની આ પ્રથમ ઘટના હોવાનું મનાય છે.

આ અંગેની વિગત પ્રમાણે વિસાવદર તાલુકાનાં નાની મોણપરી ગામે પેટિયું રળવા આવેલા શૈલેષભાઈ પારગીનો પુત્ર શિવમ (ઉં.૪) તથા શૈલેષભાઈનો ભાઈ વાડીમાં રમતા હતા. ત્યારે એકાએક સિંહણ ત્યાં ચડી આવી શિવમને ઉઠાવી તુવેરના પાકમાં ઢસડી ફાડી ખાધો હતો. માસુમ પુત્ર નજરે ન પડતા પરિવારે શોધખોળ આરંભી હતી. આ અંગે વાડી માલિકને જાણ કરતા તેઓએ વન વિભાગને જાણ કરતા જ વિસાવદર વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી શોધખોળ કરતા સિંહણના પગના નિશાન નજરે પડયા હતા. તેથી બાળકને શોધવા માટે વન વિભાગના કર્મચારીઓ તુવેરના પાકમાં શોધખોળ કરી રહ્યા હતા, તેવામાં સિંહણના સગડ મળતા વન વિભાગના કર્મચારીઓએ માનવભક્ષી સિંહણને બેભાન કરવા ગનમાથી ડાટ છોડતા નિશાન ચૂકાતા ટ્રેકર અશરફ અલી ચૌહાણ (ઉં. ૨૮) ને ગોળી વાગી હતી.